**DATE: 24/03/2025 CATEGORY: GREEN**
**E-PAPER DIVYABHASKAR PAGE-01**

### પાલેજ પાસેના હરિઓમ ટ્રાવેલ્સ એન્ડ ટ્રાન્સપોર્ટના પંપ પર એસઓજીનો દરોડો

# કન્ઝ્યુમર પંપમાં મિશ્રણ કરવા લાવેલું શંકાસ્પદ કેમિકલ ભરેલું ટેન્કર ઝડપાયું

ભાસ્કર ન્યૂઝ | ભરૂચ

ભરૂચ એસઓજીના પીઆઈ એ. એ. ચૌધરીને ચોક્કસ બાતમી મળી હતી કે, ભરૂચ હાઈવે નબીપુરથી પાલેજ તરફ જવાના રોડ પર આવેલાં હરિઓમ ટ્રાવેલ્સ એન્ડ ટ્રાન્સપોર્ટ નામના કન્ઝ્યુમર પંપ પર એક ટેન્કરમાં શંકાસ્પદ પ્રવાહી જે બળતણ તરીકે ઉપયોગમાં લેવામાં આવે છે. તે પ્રવાહી ટેન્કરમાંથી સ્ટોરેજ ટાંકીમાં ગેરકારયે રીતે નાંખવામાં આવી રહ્યું છે. જેના પગલે એસઓજીના એએસઆઈ ગોવિંદરાવ, એચસી શૈલેષ તેમજ કોન્સ્ટેબલ તનવીર તેમજ સુરેશે સ્થળ પર દરોડો પાડ્યો હતો. ટીમે ટેન્કરના વાલ્વથી સ્ટોરેજ ટેન્કમાં 5 હજાર લીટર શંકાસ્પદ ખાલી કરતાં હોવાનું જણાયું હતું. ટીમને જોઈને ટેન્કરનો ડ્રાઈવર નાસી છુટ્યો હતો. ટીમે ટેન્કર તેમજ તેમના ભરેલું 5 હજાર લીટર ઈન્ડસ્ટ્રિયલ એસેન્સિયલ ઓઈલ મળી કુલ 10.25 લાખનો મુદ્દામાલ જપ્ત કર્યો હતો.એસઓજીએ સ્ટોરેજ ટેન્ક તેમજ નોઝલ સીલ કરી પંપના સંચાલક નવલ રમેશ ભલાણા (રહે. ધોબા, તા. સાવરકુડલા, અમરેલી) સામે કાર્યવાહીની કવાયત હાથ ધરી છે.



ભરૂચ પોલીસે કેમિકલ કૌભાંડ ઝડપી પાડ્યું છે.

**DATE: 24/03/2025 CATEGORY: GREEN**
**E-PAPER GUJARAT SAMACHAR PAGE-01**

# માંડવા ગામના બૂટલેગરને ત્રણ માસ માટે તડીપાર કરાયો

અંકલેશ્વર તા. ૨૩

રાજ્યભરમાં ૧૦૦ દિવસમાં અસામાજિક તત્વો વિરૂધ્ધ કાર્યવાહી કરવાના ડીજીપીના આદેશ અન્વયે અંકલેશ્વર બી ડિવિઝન પોલીસે માંડવા ગામના એક બૂટલેગરને તડીપાર કરવામાં આવ્યો હતો.

## આરોપી પ્રકાશ વસાવા સામે પ્રોહિબિશન ઉપરાંત મારામારીના ગુનાઓ નોંધાયા છે

અંકલેશ્વર તાલુકાના માંડવા ગામના રહીશ પ્રકાશ ઉર્ફે પકો મગન વસાવા સામે સંખ્યાબંધ પ્રોહીબીશન સહિત મારામારીના ગુનાઓ નોંધાયેલા છે.બી ડિવિઝન પોલીસે તેના વિરૂધ્ધ તડીપારના કાગળો તૈયાર કરી નાયબ કલેકટર અંકલેશ્વર સમક્ષ રજૂ કર્યા હતા.જે બાદ તેને તડીપાર જાહેર કરાતા પોલીસે તેની અટક કરી તેને અંકલેશ્વર શહેર બહાર મોકલી આપ્યો હતો.આગામી ત્રણ માસ માટે તેને તડીપાર કરવામાં આવ્યો હતો.

**DATE: 24/03/2025 CATEGORY: GREEN**
**E-PAPER DIVYABHASKAR PAGE-01**

### 3 સગીર સહિત 10 યુવાનોએ લોકોના જીવ જોખમમાં મૂકીને સ્ટન્ટ કર્યો હતો

# અંકલેશ્વરમાં બાઈક - કાર પર સ્ટંટ કરનાર 7 નબીરાઓ પાસે પોલીસે માફી મંગાવડાવી

ભાસ્કર ન્યૂઝ | અંકલેશ્વર

અંકલેશ્વર શહેરમાં માર્ગ મોપેડ-બાઈક અને કાર પર રીલ બનાવવાના ચક્કરમાં સ્ટન્ટબાજી કરતા 10 ઈસમો સામે કાર્યવાહી કરતા 7 ની અટક કરી જાહેર માં માફી માંગવીવીડિયોપણ પોલીસ જાહેર કર્યો છે. જયારે 10 પૈકી 3 સગીર પણ સામેલ હોવાનું સામે આવતા પોલીસે તેમની પણ પૂછપરછ કરી હતી.

સોશિયલ મીડિયામાં છવાઈ જવાની ઘેલછા માં યુવાધન પોતાનું અને અન્ય નું જીવ પણ જોખમા મૂકી રહ્યા છે. 3 દિવસ પૂર્વે અંકલેશ્વર શહેરમાં એશિયાડ નગર થી શરુ થયેલ સ્ટન્ટબાજીમાં બેફામ રીતેગાડી ચલાવી સતત હોર્ન મારી અન્ય વાહન ચાલકો અડચણરૂપ બન્યા હતા તેનો વિડીયો વાયરલ થયો હતો. વિડીયો અંકલેશ્વર એ ડિવિઝન પોલીસના હાથ લાગતા વાયરલ વિડીયો આધારે



અંક્લેશ્વરમાં સ્ટંટ કરનારા નબીરાઓએ માફી માગી હતી.

અંકલેશ્વર પીરામણ ગામના હવામહેલ વિસ્તારના3 સગીર સહીત 10 ઈસમો ને પોલીસે ઓળખ કરી હતી જે પૈકી 7 ઈસમો ની પોલીસે અટક કરી હતી અને તેમની સામે વાયરલ વિડીયો આધારે કાર્યવાહી પણ કરી હતી. પોલીસે આ બાઈક સવારો પૈકી 7 યુવકો ની શાન ઠેકાણે લાગવા માટે તેમને કરેલ કૃત્ય માટે જાહેર માફી મંગાવતો રીલ બનાવી જાહેર કરી હતી.

**DATE: 24/03/2025 CATEGORY: GREEN**
**E-PAPER SANDESH PAGE-05**

### કસૂરવારો સામે દંડાત્મક કાર્યવાહી



# પાલેજ ખાતે ટ્રાફિક પોલીસે વાહન ચેકિંગ કામ હાથ ધર્યું

। પાલેજ ।

સમગ્ર ભરૂચ જિલ્લામાં તા.૨૧થી ૨૪ ૩ ૨૦૨૫ સુધી ૪ દિવસની ટ્રાફિક અંગેની ડ્રાઈવનું આયોજન કરવામાં આવ્યું છે. જેમાં ભરૂચ જિલ્લાના પાલેજ ગામમાં તમામ ટ્રાફિક પોલીસ અને પાલેજ પોલીસ સ્ટેશનના તમામ અધિકારીઓ અલગ અલગ ટીમ બનાવી ટ્રાફિકના અલગ અલગ પોઈન્ટ પર વાહન ચેકિંગની કામગીરી હાથ ધરી છે. તેમજ ટ્રાફિક ને લગતી કામગીરી જેમ કે વગર હેલ્મેટ, ચાલુ વાહને મોબાઈલ ફોનનો ઉપયોગ, ડાર્ક ફિલ્મના કેસ, વધુ પેસેન્જર, ડ્રાઈવિંગ લાઈસન્સ, પી.યુ.સી, ઓવરલોડ વાહન, મોડીફાઈડ સાઈલેન્સર તથા સ્થળ દંડની કામગીરી કરી રહ્યા છે. ટ્રાફિક પોલીસને બે દિવસની કામગીરીમાં હેલ્મેટ વગરના ત્રણ કેસ ચાલુ વાહને ફોન પર વાત કરતા એક કે ડ્રાઈવિંગ લાઈસન્સ વગરના ત્રણ કેસ રોંગ સાઈડના બે કેસ નોંધવામાં આવ્યા હતા

**DATE: 24/03/2025 CATEGORY: GREEN**
**E-PAPER DIVYABHASKAR PAGE-04**

### પોલીસને જોઇ આરોપીઓ ભાગી છૂટ્યા

# પીઠોરના બૂટલેગરનો ₹ 2.87 લાખનો દારૂ ડહેલીથી ઝડપાયો

ભાસ્કરન્યૂઝ | વાલિયા

વાલિયા પોલીસે પીઠોર ગામના બુટલેગરનો પીઠોર ગામે ખેતરમાં સંતાડેલો 2.87 લાખનો દારૂ ઝડપી પાડયો છે. પોલીસને જોઈ એક આરોપી ભાગી ગયો હતો.

વાલિયાના પીઆઈ એમ.બી. તોમર અને તેમની ટીમને ડહેલી ગામની સીમમાં ગૌચરની જમીનમાં ઝાડી ઝાંખરામાં પિઠોરના સંદિપ વસાવાએ દારૂનો મુદ્દામાલ સંતાડયો હોવાની માહિતી મળી હતી. બાતમી મળતાં પોલીસે દરોડો પાડયો હતો જેમાં એક બાઈક ઉપર સંદિપ વસાવા બેઠકો હતો અને બાજુમાં અન્ય એક મોપેડ પણ હતું. પોલીસને જોઈ સંદિપ ભાગી છુટયો હતો. સ્થળ પર તપાસ કરવામાં આવતાં દારૂની નાની મોટી મળીને 1716 બોટલ મળી આવી હતી. પોલીસે બાઈક અને મોપેડ તથા દારૂ મળી કુલ 4.17 લાખનો મુદ્દામાલ જપ્ત કર્યો હતો. સ્થળ પરથી ઝડપાયેલાં દારૂની કિંમત 2.87 લાખ રૂપિયા થવા જાય છે. પોલીસે ફરાર થઈ ગયેલાં સંદિપ તથા અન્ય એક અજાણ્યા ઈસમને ફરાર જાહેર કરાયાં છે.

**DATE: 25/03/2025 CATEGORY: GREEN**
**E-PAPER DIVYABHASKAR PAGE-04**

# ભરૂચમાં જુગાર રમતાં 5 ઝબ્બે

ભાસ્કરન્યૂઝ | ભરૂચ

ભરૂચના રોહિતવાડ પાસે જાહેરમાં શખ્સોએ જુગારની મહેફિલ જમાવી હોવાની બાતમી બી ડિવિઝન પોલીસને મળી હતી. જેના પગલે ટીમે સ્થળ પર દરોડો પાડતાં જુગારિયાઓમાં દોડધામ મચી ગઈ હતી.જોકે, જુગાર રમતાં તોસિફ મિરાસી, આરીફ નબી, ઈલ્યાસ ઈસપ મુલતાની, ભાર્ગવ ગોહિલ તેમજ રાજેશ કટારિયા નામના પાંચ જુગારિયાઓને પોલીસે ઝડપી પાડ્યાં હતાં. તેમની અંગઝડતીમાંથી તેમજ દાવ પર લાગેલાં રૂપિયા મળી કુલ 31 હજારનો મુદ્દામાલ જપ્ત કર્યો છે.

**DATE: 25/03/2025 CATEGORY: GREEN**
**E-PAPER DIVYABHASKAR PAGE-04**

### 1.982 કિલો ગાંજો છુટક વેચાણ માટે લાવ્યાં હોવાની પોલીસ સમક્ષ કબૂલાત કરી

# સુરતથી ગાંજો વેચવા પાનોલી આવતાં ભાભી અને દિયર ઝબ્બે, 54 હજારનો મુદ્દામાલ જપ્ત

ભાસ્કર ન્યૂઝ | પાનોલી

પાનોલી જીઆઈડીસીમાં ગાંજા ના જથ્થા સાથે દિયર -ભાભીને પાનોલી પોલીસે ઝડપી પાડ્યા હતા. રાજયભરમાં પોલીસે અસામાજીક તત્વો સામે કડક હાથે કાર્યવાહી કરી રહી છે. બાકરોલ બ્રિજથી મહારાજા નગર સંજાલી તરફ એક ઈસમ અને મહિલા બાઈક પર ગાંજો લઈ આવનાર છે. જે માહિતી આધારે પીઆઈ શિલ્પા દેસાઈના માર્ગદર્શન હેઠળ પોલીસે વોચ ગોઠવી હતી. બાતમી મુજબની બાઈક આવતાં તેને અટકાવવામાં આવી હતી. બાઈક સવાર મૂળ યુપી ના અને સુરત ખાતે રહેતા સોનુ જયપ્રકાશ મદેસીયાઅને તેની સંજાલી શુભમ પાર્ક રહેતા ખાતે ભાભી રેખા દેવી મહેન્દ્ર મડેસીયાની તલાસી લેતા તેમની પાસે થી ગાંજાનો જથ્થો મળી આવ્યો હતો. પોલીસે એફ.એસ.એલ પાસે તપાસ કરાવતાં બંને પાસેથી



ગાંજાની હેરાફેરી કરતી મહિલા સહિત બે ઝડપાયાં છે.

મળેલો પદાર્થ ગાંજો હોવાનું ફલિત થયું હતું. પોલીસે કુ. 1.980 કિગ્રા ગાંજો, 3 મોબાઈલ અને બાઈક મળી કુલ 54 હજા રૂપિયાનો મુદ્દામાલજપ્ત કરી બને વિરુદ્ધ એન.ડી.એસ.એક્ટ હેઠળ ગુનો નોંધી વધુ તપાસ એસ.ઓ.જી પોલીસ ને સુપરત કરી હતી. પોલીસની પ્રાથમિક પૂછપરછમાં છૂટક વેચાણ કરવાના ઈરાદે લાવ્યો હોવાની કબુલાત કરી હતી.

**DATE: 25/03/2025 CATEGORY: GREEN**
**E-PAPER GUJARAT SAMACHAR PAGE-01**

### ભરૂચ પોલીસની જીવદયા

# પોલીસ મથક પાસે મરણ પથારીએ પડેલી ગૌમાતાની સારવાર કરી હરતીફરતી કરી

ભરૂચ,તા.૨૪

ભરૂચ શહેર સી ડિવિઝન પોલીસ સ્ટેશનના પટાંગણમાં એક ગાય આવી ચઢી હતી અને બે દિવસથી બેસી રહી હતી. ગાય બીમાર હોવાનું જણાઈ રહ્યું હતું એટલે પોલીસ સ્ટાફ તેને બહાર કાઢતો ન હતો.

## કડકાઈના કારણે અણગમાનો ભોગ બનતી પોલીસનો માનવતાનો ચહેરો નિહાળીને ભરૂચના લોકો ખાખીની વાહવાહ કરી રહ્યાં છે

દરમિયાન ડી સ્ટાફના એએસઆઈ શૈલેષભાઈ નાઈ અને અજયભાઈ ભરવાડની નજર આ ગાય પર પડતા ગાયની સારવાર માટે વેટેનરી ડોક્ટરને બોલાવાયા હતા. વેટરનરી ડોક્ટરે કહ્યું હતું કે ગાય બીમાર છે અને તેને સારવારની જરૂર છે. પોલીસ ઈન્સ્પેકટર વી આર ભરવાડે જીવદયા પ્રેમી આશિષ શર્માનીમદદ લીધી હતી અને પોલીસ કર્મીઓએ સૂચના આપી હતી કે બીમાર ગાયની ૨૪ કલાક દેખરેખ રાખવી તેને દવા અને



ખોરાક પુરતો મળી રહે તેની પણ તકેદારી રાખવી. પોલીસ સ્ટાફની બે દિવસની મહેનત ફળી હતી અને આજે ગાય જાતે બેઠી થઈ હતી અને જાતે જ પોલીસ સ્ટેશનમાંથી બહાર નીકળીને હરતી ફરતી થઈ ગઈ હતી. પોલીસકર્મી ઓની આ કામગીરીને સ્થાનિકો અને જીવદયા પ્રેમીઓએ બિરદાવી હતી. એક તરફ પોલીસ કડકાઈના કારણે લોકોના અણગમાનો ભોગ બનતી હોય છે ત્યારે જીવદયાની આ પહેલ એ અબોલ પશુનો જીવ બચાવતા ભરૂચમાં ખાખીની વાહ વાહી પણ થઈ રહી છે.

**DATE: 26/03/2025 CATEGORY: GREEN**
**E-PAPER DIVYABHASKAR PAGE-04**

# દારૂનો જથ્થો મંગાવનાર વોન્ટેડ બૂટલેગર ઝડપાયો

અંકલેશ્વર ।અંકલેશ્વર જીઆઈડીસી વિસ્તારમાં હોળી-ધુળેટી પર્વ ગ્રીનસીટી સોસાયટી મકાન નંબર 41માં દરોડા પડ્યા હતા. પોલીસે સ્થળ પરથી ઈંગ્લીશ દારૂની નાની મોટી બોટલ 180 મળી 50 હજાર રૂપિયાનો દારૂનો જથ્થો જપ્ત કર્યો હતો તેમજ મહિલા બુટલેગર સ્મિતા લક્ષ્મણ વસાવાની ધરપકડ કરી હતી. જ્યારે તેના બુટલેગર પતિ લક્ષ્મણ વસાવા ને પોલીસે વોન્ટેડ જાહેર કરી જીઆઈડીસી પોલીસ મથકે ફરિયાદ નોંધાવી વધુ તપાસ આરંભી હતી. જે ગુનામાં છેલ્લા 22 દિવસથી ફરાર લક્ષ્મણ વસાવા પોતાના ઘર વિસ્તારમાં આવ્યો હોવાની ચોક્કસ માહિતી આધારે ઝડપી પાડ્યો હતો.

**DATE: 27/03/2025 CATEGORY: GREEN**
**E-PAPER DIVYABHASKAR PAGE-04**

### ક્યાં રોકાયા સહિત વિગતો મેળવવાની કવાયત

# સગીરાને ભગાડી જઈને દુષ્કર્મ કરનાર આરોપી ઝડપી પડાયો

ભાસ્કર ન્યૂઝ | ભરૂચ

ભરૂચના જંબુસરમાં સગીરાને પ્રેમજાળમાં ફસાવી તેની સાથે દુષ્કર્મ આચરનાર આરોપીની પોલીસે ધરપકડ કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે. જંબુસર તાલુકાની એક સગીરાને પ્રેમજાળમાં ફસાવી ફરહાન નામનો યુવાન ભગાડી ગયો હતો. બનાવની ફરિયાદ જંબુસર પોલીસ સ્ટેશનમાં નોંધાતા પોલીસ ઈન્સ્પેકટર એ વી પણામિયાએ ગણતરીના સમયમાં આરોપીને ઝડપી પાડી લોકઅપ ભેગો કરી દીધો છે. આરોપી ફરહાન યુસુફ મલેક સામે સગીરાના અપહરણ અને દુષ્કર્મની પોલીસ ફરિયાદ નોંધાઈ હતી. એક સગીરાને પ્રેમજાળમાં ફસાવી ફરહાન નામનો યુવાન ભગાડી ગયો હતો.મામલાની ગંભીરતા પારખી પોલીસે તપાસના ચક્રો ગતિમાન કરી અપહરણકાર ફરહાનની ધરપકડ સાથે ભોગ બનનાર સગીરાને પરત લાવી તબીબી તપાસ સહિતની કાર્યવાહી હાથ ધરી છે. આરોપી અને સગીરાને ક્યાં લઈ ગયો હતો, બંને ક્યાં રોકાયા હતા ની વિગતો પોલીસ મેળવી રહી છે.

**DATE: 27/03/2025 CATEGORY: GREEN**
**E-PAPER SANDESH PAGE-10**

### ૧૪ દિવસની ફર્લો રજા મળી હતી

# આજીવન કેદની સજા ભોગવતા કેદીને ભરૂચ SOGએ ઝડપી પાડયો

। ભરૂચા

વડોદરા મધ્યસ્થ જેલમાં હત્યાના ગુનામાં આજીવન કેદની સજા ભોગવટા કેદીને ભરૂચ એસઓજી પોલીસેઝડપી પાડયો છે. આરોપી જયેશ ગણપતભાઈ વસાવા ફર્લો રજા પર છુટયા બાદ જેલમાં પરત ફર્યો ન હતો. અધિક પોલીસ મહાનિદેશ જેલ અને સુધારાત્મક વહીવટની કચેરી અમદાવાદના હુકમથી આરોપીને ૧૪ દિવસની ફર્લો રજા મળી હતી. તેણે ૨૧ માર્ચ ૨૦૨૫ ના રોજ જેલમા હાજર થવાનુ હતુ પરંતુ તે ફરાર થઈ ગયો હતો. ભરૂચ એસઓજી ની ટીમે નાસતા ફરતા અને પેરોલ જંપ કરનારા આરોપીઓને પકડવાની કામગીરી શરૂ કરી હતી. પોલીસે ટેકનિકલ અને માનવીય સ્ત્રોતોનો ઉપયોગ કરી તપાસ હાથ ધરી હતી.

હેડ કોન્સ્ટેબલ ભાવસિંહ નગીનભાઈને મળેલી બાતમીના આધારે પોલીસે ડહેલી ગામ નજીકથી આરોપીને ઝડપી પાડયો હતો. આરોપીની ઓળખની ખાતરી કર્યાબાદ તેને પુનઃ જેલમાં મોકલી આપવામાં આવ્યો છે.

**DATE: 27/03/2025 CATEGORY: GREEN**
**E-PAPER GUJARAT SAMACHAR PAGE-03**

## નેત્રંગના કાકડકુઇ ગામે

# ખેતરમાં પથ્થર મારી વ્યક્તિની હત્યા કરનાર હત્યારો ઝડપાયો

નેત્રંગ, તા.૨૬

નેત્રંગ તાલુકાના કાકડકુઇ ગામે ગત રોજ ખેતરમાં ખેતર માલિક અને વૃક્ષ નીચે રહેતા વ્યક્તિ વચ્ચે ઝઘડો થયા બાદ ખેતર માલિકે વ્યક્તિની માથામાં પથ્થર મારી હત્યા કરી હતી. નેત્રંગ તાલુકાના કાકડકુઇ ગામના ૪૪ વર્ષના રાજેશ વસાવા છૂટક મજુરી કામ કરતો હતો.તે ગામના અશ્વિન વસાવા સાથે ખેતરમાં આવેલા વૃક્ષ નીચે રાતવાસો કરતાં હતો.જે દરમિયાન રાત્રે ૮ વાગ્યે રાજેશ વસાવા અને અશ્વિન વસાવા વચ્ચે કોઇ વાતે ઝઘડો થતાં અશ્વિન વસાવાએ રાજેશ વસાવાને માથાના ભાગે પથ્થર મારતાં ગંભીર ઈજાના પગલે મોત નિપજ્યું હતું.જે બાબતે નેત્રંગ પોલીસ સ્ટેશનમાં મૃતકની બહેન સંગીતા વસાવાએ ફરીયાદ આપતા ફરાર અશ્વિન વસાવાને પોલીસે ગણતરીના કલાકોમાં જ પકડી જેલભેગો કરી દેવામાં આવ્યો હતો.

**DATE: 27/03/2025 CATEGORY: GREEN**
**E-PAPER DIVYABHASKAR PAGE-01**

### ગેરકાયદેસરના વીજ કનેકશન અંગે કડક કાર્યવાહી હાથ ધરાઇ

# ઝઘડિયા વીજકંપનીએ 6 ઈસમોના ઘરેથી 2.38 લાખની વીજચોરી ઝડપી

ભાસ્કર ન્યુઝ | ઝઘડિયા

ઝઘડીયા પોલીસ સ્ટેશનના પ્રોહીબીશન,મારા મારી અને ચોરીના ગુનાઓ બન્યા હોય તેવા અસામાજીક પ્રવ્રુતિ સાથે સંકળાયેલ ઈસમો વિરૂધ્ધ વીજકંપની દ્વારા ગેરકાયદેસરના વીજ કનેકશન અંગે કડક કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી.

ભરૂચ જીલ્લામા અલગ અલગ પોલીસ સ્ટેશન વિસ્તારમા રહેતા અસામાજીક પ્રવ્રુતી સાથે સંકળાયેલ ઈસમોનુ લીસ્ટ બનાવી તેઓના વિરૂધ્ધ 100 કલાકની અંદર કાર્યવાહી કરવા સુચનને ઝઘડીયા પોલીસ સ્ટેશન વિસ્તારમા રહેતા અસામાજીક પ્રવ્રુતી સાથે સંકળાયેલા ઈસમોનુ લીસ્ટ તૈયારકરવામાં આવ્યું હતું અને વિજ કનેકશન બાબતે તપાસ કરવા માટે ડીજીવીસીએલ ઝઘડીયાના અધિકારીઓની ટીમ સાથે રાખી ઝઘડીયા પોલીસ સ્ટેશન વિસ્તારના અસામાજીક પ્રવ્રુતી સાથે સંકળાયેલા ઈસમો જેમા 6 ઈસમો વિરુદ્ધ કડક કાર્યકરવાહી હાથ ધરી ગેરકાયદેસર વીજ કનેક્શન કાપીને તેમને દંડનીય કાર્યવાહી હાથ ધરવામાં આવી છે. ઝઘડિયામાંથી સલમાન ગરાસીયાને 10,295નો દંડ,જગદીશ વસાવા 17181ની દંડ દિપેશવસાવાને 94,443નો દંડ, જંયતિ વસાવાને 6117નો દંડ, અક્ષિત વસાવાને 1 લાખ ઉપરાંતનો દંડ અને સુનિલ વસાવાને 8697નો દંડ ફટકારવામાં આવ્યો હતો જેમાં સદર વીજ ચેકીંગ દરમ્યાનવીજ કનેકશન ગેરકાયદેસર જણાતાં 2.38 લાખનો દંડ વસુલવામાં આવ્યો હતો.આમ, અસામાજીક પ્રવ્રુતિ સાથે સંકળાયેલ ઈસમો વિરૂધ્ધ વીજકંપની દ્વારા ગેરકાયદેસરના વીજ કનેકશન અંગે કડક કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી.

**DATE: 28/03/2025 CATEGORY: GREEN**
**E-PAPER DIVYABHASKAR PAGE-01**

### 8 આરોપીની ધરપકડ : 3.92 લાખનો મુદ્દામાલ રીકવર

# અંકલેશ્વરની સ્ટીલ ફેબમાં ત્રણ વખત ચોરી કરનાર ગેંગ ઝબ્બે

ભાસ્કર ન્યૂઝ | અંકલેશ્વર

એક જ કંપની ને માં ત્રણ ત્રણ વાર ચોરીઓને અંજામ આપનાર ગેંગને આખરે જીઆઈડીસી પોલીસ ગણતરી ના દિવસો માં ઝડપી પાડી હતી. અંકલેશ્વર પટેલ નગર ના 6 ચોર સાથે માલ લેનાર અને આપનાર મળી 8 ઈસમો ઝડપાયા હતા. પોલીસે ચોરી નો 3.92લાખ નો મુદ્દામાલ પણ પોલીસે રિકવર કર્યા હતા. ચોર ગેંગને કોર્ટમાં રજૂ કરતા 3 દિવસના રિમાન્ડ મંજૂર હતા.અંકલેશ્વર જીઆઈડીસીમાં આવેલ સ્ટીલ ફેબ ઈક્યુપમેન્ટ કંપની માં 15 દિવસ ના ટૂંકા ગાળા માં તસ્કરો 3-3 વાર ચોરી ને અંજામ આપી લાખો રૂપિયા ની ચોરી ને અંજામ આપ્યો હતો. જે અંગે કંપનીના હસમુખભાઈ પંચાલ દ્વારા જીઆઈડીસી પોલીસ મથકે ફરિયાદ નોંધાવતા પોલીસે 3.92 લાખ ની માલમત્તાની ચોરી નો ગુનો નોંધી તપાસ શરુ કરી હતી અને કંપની ના સીસીટીવી ફૂટેજના આધારે ટેક્નિકલ સર્વેલન્સ શરુ કરી હ્યુમન ઈન્ટેલ ટીમ એક્ટિવ કરી હતી

જેમાં હ્યુમન ઈન્ટેલિજન્સ ની ચોક્કસ માહિતી આધારે ચોરીઓને અંજામ આપનાર રાજેશ દાડમચંદ જૈન, અનવર ઉદેસિંગભાઈ રાઠવા, અરૂણ હરેશભાઈ વસાવા, મુકેશ ઠાકોરભાઈ જોગી,સતીષ પ્રભાતભાઈ રાઠવા,રાહુલ મુકેશભાઈ(મહેશભાઈ) વસાવા, આશીષકુમાર સત્યનારાયણ સાહુ(ગુપ્તા) અને મુકેશ રમણ તડવી ને ઝડપી પાડ્યા હતા. તસ્કરો પાસે થી પોલીસે ચોરી નો 3.92 લાખ નો મુદ્દામાલ પણ રિકવર કર્યો હતો. તમામ ને કોર્ટ માં રજૂ કરતા કોર્ટ દ્વારા 3 દિવસ ના રિમાન્ડ મંજુર કરતા પોલીસે તેમની વધુ પૂછપરછ શરુ કરી હતી.

**DATE: 28/03/2025 CATEGORY: GREEN**
**E-PAPER DIVYABHASKAR PAGE-04**

### જીઆઇડીસીમાં 12 લાખથી વધુની બોટલો મળી આવી હતી

# અંકલેશ્વરમાં દારૂ કેસમાં 2 વર્ષથી ફરાર આરોપીને પલસાણાથી ઝડપી લેવાયો

ભાસ્કર ન્યૂઝ । અંકલેશ્વર

અંકલેશ્વર જીઆઈડીસીમાં આવેલા પ્લોટ નંબર 3608 ના શેડની પાછળની દીવાલ અડી ને સંતાડેલો દારૂનો જથ્થો ઝડપી પાડ્યો હતો.પોલીસે સ્થળ પરથી દારૂની પેટી નંગ-219 નાની-મોટી બોટલ નંગ 8820 કિંમત રૂ. 10.51 લાખ અને બિયરની પેટીઓ નંગ 64 બોટલ નંગ 1536 મળીને કિંમત રૂ. 1.53 લાખ મળીને કુલ રૂ.12.04નો મુદ્દામાલ જપ્ત કર્યો હતો. પોલીસે સ્થળ પરથી સૈફ ઉર્ફે યશ ખાન,ગૌરાંગ જગદીશભાઈ પરમાર,નિરજ બાબુભાઈ રબારી,નિરજ રબારી જેનો સગો ભાઈ મુકબધીર છે જેનું સની બાબુભાઈ રબારી ને સ્થળ પરથી ઝડપી પાડ્યા હતા. જ્યારે છગન મેવાડા,પરેશ મારવાડી ઉર્ફે મહારાજ, જીગ્નેશ ઉર્ફે જીગો કીરીટભાઈ પરીખ,રાજેન્દ્રકુમાર હિરાભાઈ મીસ્ત્રી,ઉદ્દેશ ગોપાલ યાદવ અને એક બંધ બોડીની ઓરેન્જ કલરની ટ્રકનો ડ્રાયવરને વોન્ટેડ જાહેર કરીને પકડાયેલા તમામ સામે પ્રોહિબિશન અંતર્ગત ગુનો નોંધી વધુ કાર્યવાહી હાથ ધરી છે. જે બાદ અન્ય વોન્ટેડ આરોપીને પોલીસે ઝડપી પાડ્યા હતા જો કે છેલ્લા પોણા બે વર્ષથી પોલીસ હાથતાળી આપી ફરાર છગન મેવાડા ઉર્ફે છગનલાલ સોહનલાલ કલાલ પોલીસે પલસાણા ખાતે થી ગત રોજ ઝડપી પાડ્યો હતો અને તેને અંકલેશ્વર લઈ આવી કોર્ટમાં રજૂ કરી રિમાન્ડ મેળવી વધુ પૂછપરછ શરુ કરી કરી હતી. પીઆઈ બી.એન. સગર તથા તેમની ટીમે કામગીરી કરી હતી.

**DATE: 28/03/2025 CATEGORY: GREEN**
**E-PAPER DIVYABHASKAR PAGE-04**

### અંક્લેશ્વરમાં કાર રોકી પણ ભગાડીને ભરૂચ આવ્યાં

# કારને ખોટી નંબર પ્લેટ લગાડી દારૂની ખેપ મારતાં બે ઝડપાયા

ભાસ્કર ન્યૂઝ | ભરૂચ

ભરૂચના જિલ્લા ટ્રાફિકમાં ફરજ બજાવતાં એએસઆઇ રમેશભાઇ તેમજ તેમની ટીમ અંક્લેશ્વરમાં સુરતથી વડોદરા જવાના રોડ પર પેટ્રોલિંગ્માં હતાં. તે વેળાં એક કાર પર કાળી જાળી લગાવી હોઇ તેને રોકવા ઇશારો કરતાં કાર ચાલકે તેની કાર ત્યાંથી સ્પિડમાં ભગાડી હતી. જેથી તેઓએ સરકારી જીપમાં તેમનો પિછો કર્યો હતો. રસ્તામાં તેમને અનેકવાર રોકવા માટે ઇશારો કરવા છતાં તેઓ ઉભા રહ્યાં ન હતાં. દરમિયાનમાં કેબલ બ્રિજ પસાર કરી સર્કિટ હાઉસ પાસે પહોંચતાં તેમણે સરકારી જીપ કારની સામે ઉભી કરી બ્લોક કરી દીધી હતી. કારમાંથી બેસેલાં બન્નેને ઉતારી તપાસ કરતાં તેમાં દારૂ ભરેલો હોવાનું જણાતાં કારને સુરક્ષિત સ્થળે લઇ જઇ તપાસ કરતાં તેમાં કુલ 5.20 લાખની મત્તાનો દારૂ ભરેલો હોવાનું જણાયું હતું. પ્રાથમિક પુછપરછમાં ડ્રાઇવરનું નામ ચંદનસિંગ લાલસિંગ રાજપૂત તેમજ બીજાનું નામ કુલદીપસિંગ પ્રતાપસિંગ રાજપૂત ( બન્ને રહે. ઉદેપુર, રાજસ્થાન ) હોવાનું જણાવ્યું હતું. તેમણે કબુલ્યું હતું કે, હરિયાણાના ગુડગાંવના તેના શેઠ મનોજ બેનીવાલે તે કાર ભરીને આપી હતી. જે અમદાવાદ લઇ જવાની હતી. જ્યાં પહોંચ્યા બાદ શેઠને ફોન કરતાં માલ લેવા વ્યક્તિ આવનાર હતો. પોલીસની તપાસમાં કારમાં બીજી બે નંબર પ્લેટ મળી હતી. જેમાંની એક દિલ્હી અને બીજી મહારાષ્ટ્ર પાસિંગની હતી.

**DATE: 30/03/2025 CATEGORY: GREEN**
**E-PAPER GUJARAT SAMACHAR PAGE-02**

ભરૂચ અને પાલેજ પોલીસના દરોડા

# ઉમરાજ અને ટંકારીયા ગામે ગૌવંશની કતલ કરતા બેની ધરપકડ

ભરૂચ,તા.૨૯

ભરૂચ અને ટંકારીયા ગામે ગૌવંશ કતલ કરાતું હોવાની ફરિયાદોના પગલે ભરૂચ પોલીસ અને પાલેજ પોલીસે ૨ સ્થળોએ દરોડા પાડી પાંચ ગાયોને કતલ થતા બચાવી મુક્ત કરાવી હતી તો સ્થળ ઉપરથી બે આરોપીઓની ધરપકડ કરી કતલ કરેલું માસ એફએસએલ અર્થે કબજે લઈ આરોપીઓ સામે કાર્યવાહી કરી છે સાથે વોન્ટેડ ૩ આરોપીઓની ધરપકડના ચક્રો ગતિમાન કરાયા છે.

## ૩ આરોપી વોન્ટેડ જાહેર, કતલ કરવાના ઈરાદે બાંધેલ ગૌવંશને ૨ સ્થળોએથી મુક્ત કરાવ્યા

ભરૂચના ઉમરાજ ગામમાં નવીનગરી ખાતે રહેતા યાસીન ઉમરજી પટેલ નામનો ઈસમ કતલ કરવાના ઈરાદે ગૌવંશ લાવી રાખેલ છે તેવી બાતમીના આધારે પોલીસે દરોડો પાડતા બે વાછરડા તથા એક વાછરડીને કતલ કરવાના ઈરાદે બાંધી રાખવામાં આવ્યા હતા.

પોલીસે ત્રણ ગૌવંશને મુક્ત કરીને યાસીન ઉમરજી પટેલની ધરપકડ કરી હતી.

પાલેજ પોલીસે બાતમીનાં આધારે ટંકારિયા ગામે પારખેત ગામ તરફ જવાના રોડ ઉપર કોલોનીમાં રેડ પાડીને કતલ કરેલ ગાય તથા કતલ કરવા બાંધેલ બે ગાય સાથે સૂરપાલ સેકડીયા બામણીયા (રહે.મૂળ અલીરાજપુર મધ્ય પ્રદેશ. હાલ રહે કંબોલી ગામ મકબુલ સાપાના કુવા ઉપર ભરૂચ)ની ધરપકડ કરી હતી. જ્યારે અશરફ ઈકબાલ ડાહ્યા રહે. ટંકારિયા તથા અફઝલ ઉર્ફે અજગરીઓ અનવર યેવડા રહે. ટંકારિયા, અબુ આકીલ ઉર્ફે અબુ નજર પટેલ રહે.કોસાડ આવાસ સુરતને વોન્ટેડ જાહેર કરીને તેની ધરપકડના ચક્રો ગતિમાન કર્યા છે.

**DATE: 30/03/2025 CATEGORY: GREEN**
**E-PAPER SANDESH PAGE-08**

### વાલિયા પોલીસ દ્વારા રૂા.૩.૪૩ લાખનો મુદ્દામાલ કબજે કરાયો

# વાલિયાના ભમાડિયા ગામે દારૂના જથ્થા સાથે ૨ ઈસમોની ધરપકડ

। વાલિયા ।

વાલિયા તાલુકાના ભમાડીયા ગામની સીમમાંથી ઈક્કો અને મોપેડ ઉપરથી વિદેશીદારૂના ૩.૪૩ લાખના મુદ્દામાલ સાથે બે ઈસમોને ઝડપી પાડ્યા હતા.જ્યારે પાઈલોટિંગ કરતા સહિત ચારને વોન્ટેડ જાહેર કર્યા હતા.

વાલિયા પોલીસે પી.આઈ. એમ. બી.તોમરના માર્ગદર્શન હેઠળ સ્ટાફ પેટ્રોલિંગમાં હતો તે દરમિયાન માહિતી મળી હતી ઈક્કો ગાડીમાં વિદેશી દારૂ ભરી નિકોલી ગામથી ભમાડિયા ગામના કાચા રસ્તે થઈને વાલિયા તરફ જનાર છે.તેની સાથે બાઈક સવાર ઈક્કો ગાડીનું પાઈલોટિંગ કરી આગળ ચાલે છે.જેવી માહિતીના આધારે પોલીસે ભમાડીયા-મોખડી વચ્ચે કાચા રસ્તા ઉપર વોચમાં હતો તે દરમિયાન વાહનો આવતા પોલીસે તેઓને અટકાવી ઈક્કો ગાડીમાં તપાસ કરતા તેમાંથી વિદેશી દારૂની ૨૪૦ નંગ બોટલ મળી આવી હતી.પોલીસે ૨૪ હજારનો દારૂ તેમજ ઈક્કો ગાડી,બાઈક મળી કુલ ૨.લાખ ૮૪ હજારનો મુદ્દામાલ કબ્જે કર્યો હતો.અને વાલિયાની સીંલુંડી ચોકડી પાસે રહેતો સંદીપ ગણપત વસાવાને ઝડપી પાડ્યો હતો..બીજી તરફ પોલીસની કાર્યવાહી દરમિયાન નજીકમાંથી એક એક્ટિવા પસાર થતા તેને અટકાવી તપાસ કરતા તેના પરથી વિદેશી દારૂની ૪૮ નંગબોટલ મળી આવી હતી પોલીસે વિદેશી દારૂ અને એક્ટિવા મળી કુલ ૫૯ હજારથી વધુના મુદ્દામાલ સાથે પોલીસે ભમાડિયા ગામનો વિકેશ ઉર્ફ ગલ્લો રવિદાસ વસાવાને ઝડપી પાડ્યો હતો.જયારે પાછળ બેઠલ ઈસમ અને ઈક્કો કારનો પાઈલોટિંગ કરતા બાઈક સવાર સહિત ચાર ઈસમોને વોન્ટેડ જાહેર કરી તપાસ હાથ ધરી છે.